

# SECURE જિનશાસન

દીકરીઓ ને શિક્ષણ સાથે સંસ્કરણ આપતી સ્કૂલ

## કન્યા ડે તપોવન

- પ્રિયમ્

# TAPOVAN GIRL'S SCHOOL






## "યા એને બચાવો યા ખુદ ખલાસ થઇ જાઓ"

:: ઉર્જાસ્ત્રોત ::

યુગપ્રધાન આચાર્યસમ પ. પૂ. પંન્યાસ **શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજા**

:: પ્રેરણાસ્ત્રોત ::

સંસ્કરણશિલ્પી બંધુબેલડી આચાર્ય**શ્રી હંસકીર્તિસૂરીશ્વરજી**

આચાર્ય**શ્રી ભવ્યકીર્તિસૂરીશ્વરજી**

**- પ્રિયમ્**

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहुमाणो

# Secure જિનશાસન

## કન્યા કે તપોવન -
## પ્રેરણા અને પ્લાનિંગ

મુખ્યત્વે અમદાવાદ અને ત્યાગ ગ્રૂપને અનુલક્ષીને લખેલ
આ બુક હકીકતમાં દરેક શહેરની તે દરેક વ્યક્તિ માટે છે,
જેને જૈનત્વની થોડી પણ સ્પર્શના થઈ છે.

પ્રિયમ્

# ❀ Only One Lion ❀

ગર્દભિલ્લ રાજાની સવારી નીકળી છે.
રસ્તામાં એની નજર પડે છે એક રૂપાળી સાધ્વીજી પર.
સરસ્વતી એમનું નામ.
રાજાનું મન એમનામાં લપટાઈ જાય છે.
એ ભાન ભૂલે છે.
અને એમને પોતાના રાણીવાસમાં મુકી દેવાનો આદેશ કરી દે છે.
આદેશનો અમલ થઈ જાય છે.
વાત બધે જ પ્રસરી જાય છે
પૂજ્ય કાલકાચાર્યને આ સમાચાર મળે છે
ને એમનું લોહી ઉકળી જાય છે આવું તો કઈ રીતે ચાલી શકે ?
જિનશાસનના એક સાધ્વીજી સાથે આવું વર્તન ?
પોતાની વાસના સંતોષવા માટે
એમને શીલભંગ સુધી ઢસડી જવાની ચેષ્ટા ?
આચાર્ય ભગવંત ગોચરી વાપરી શકતા નથી.
આખી રાત સૂઈ શકતા નથી.
સવારે એ સકળ સંઘને આહ્‌વાહન કરે છે
સંઘે ભેગો થાય છે.
આચાર્ય ભગવંત આગ ઝરતી ભાષામાં સંઘને પ્રેરણા કરે છે.
**‘આ ચંદનબાળા પરની જબરદસ્તી છે**
**આ મૃગાવતીજી પરનું દુષ્કર્મ છે.**
**આ પ્રભુના ૩૬ હજાર શિષ્યાઓનું અપમાન છે.**
**આ અઢી દ્વીપના સર્વ સાધ્વીજી ભગવંતોની મશ્કરી છે.**
**આ એટલું ઘોર પાપ છે**
**કે એને ઠંડે કલેજે જોયા કરવામાં પણ**
**આપણા આત્માનું નખ્ખોદ નીકળી જવાનું છે.**

તમારામાંથી જેની જે શક્તિ હોય એને કામે લગાડો.
બળ તો બળ... કળ તો કળ... સંપત્તિ તો સંપત્તિ...
બધી શક્તિ કામે લગાડી દો
ને વહેલામાં વહેલી તકે
સાધ્વી સરસ્વતીજીને એ રાજાની ચુંગાલમાંથી મુક્ત કરી દો.'
અંતરમાં આગ સાથે ને આંખમાં આંસુ સાથે
આચાર્ય ભગવંતે સંઘને અપીલ કરી છે.
આખી સભામાં સન્નાટો છવાઈ ગયો છે.
**મડદાં ય ઊભા થઈ જાય એવી પ્રેરણાનો પ્રતિભાવ**
**અત્યંત આઘાત-જનક છે.**
**સભાના મૌનમાં સ્વાર્થનો ઘોંઘાટ વર્તાઈ રહ્યો છે.**
**સત્તા સામે શાણપણ કેવી રીતે ચાલે ?**
**આવી સમજણનો ઘોંઘાટ વર્તાઈ રહ્યો છે.**
**આપણે તો આમાં શું કરી શકીએ ?**
**આવી નકારાત્મકતાનો ઘોંઘાટ વર્તાઈ રહ્યો છે.**
**ને આ ઘોંઘાટો**
**આચાર્ય ભગવંતના આઘાતના ગુણાકારો કરી દે છે.**
આચાર્ય ભગવંત મનોમન કોઈ નિર્ણય લઈ લે છે.
ઊભા થઈ જાય છે.
ખભે કામળી નાંખીને હાથમાં દાંડો લે છે.
શિષ્યો સમજી જાય છે કે
ગુરુદેવને ક્યાંક બહાર જવું છે.
સહુ શિષ્યો પણ કામળી દાંડો લઈને
ગુરુની પાછળ ચાલવા લાગે છે.
આચાર્ય ભગવંત સીધા રાજદરબારમાં પહોંચે છે.
રાજાને બધી જ રીતે સમજાવે છે.
પણ રાજા ટસ નો મસ થતો નથી.

રાજાનો એક જ નફ્ફટ જવાબ છે
થાય એ કરી લો.
આચાર્ય ભગવંત સમજી જાય છે
કે આ સમજવાનો નથી.
આચાર્ય ભગવંત પાછા ફરે છે.
કોઈ પણ ભોગે સાધ્વીજીના શીલની રક્ષા કરવાનો
સંકલ્પ કરે છે.
તે માટે દેશાવર જઈને ૯૬ રાજાને ભેગા કરે છે.
જબરદસ્ત આક્રમણ લાવે છે.
ગર્દભિલ્લને ધોબીપછાડ હાર અપાવે છે.
ને સાધ્વીજીને એની ચુંગાલમાંથી મુક્ત કરે છે.

કાલકાચાર્યનો સંકલ્પ હતો કે
**જરૂર પડે તો સાધ્વીજીના શીલની રક્ષા માટે**
**હું હાથમાં તલવાર લેવા પણ તૈયાર છું.**
**જરૂર પડે તે એ માટે હું ખૂંખાર યુદ્ધ કરવા પણ તૈયાર છું.**
**જરૂર પડે તો એ માટે**
**જિનશાસનના દુશ્મનોના માથા કાપવા પણ તૈયાર છું.**
**જરૂર પડે તો એ માટે**
**મારું માથું વધેરી દેવા પણ તૈયાર છું.**
**પણ જિનશાસનના એક પણ સભ્યની શીલહત્યા તો**
**હું હરગીઝ જોવા માટે તૈયાર નથી.**
**મજાલ છે કોઈની કે એની સામે આંગળી ય ચીંધી શકે ?**
**એની આંગળી હું કાપી નાંખીશ.**

આજે જિનશાસનને કાલકાચાર્યની જરૂર છે.
જે હજારે ગર્દભિલ્લો દ્વારા ભગાડાતી
ને વટલાવાતી હજારો જૈન કન્યાઓને બચાવી લે.

જે હજારો જૈન કન્યાઓને દુરાચારોના ખાડામાંથી
બહાર કાઢી દે,
**જે હજારો જૈન કન્યાઓને શીલભંગ અને ભ્રૂણહત્યાના**
**પાપમાંથી બચાવી લે**
**જે ભાવિના હજારો વસ્તુપાળ-તેજપાળ-પેથડશાહ-જગડુશાહ**
**સંપ્રતિ અને કુમારપાળોને**
**ગર્ભમાં જ ટુકડે ટુકડા થઈ જતા બચાવી લે**
**આજે જિનશાસનને એવા કાલકાચાર્યની જરૂર છે.**
**જેમના અંતરમાં આગ હોય ને આંખે આંસું હોય,**
**આજે જિનશાસનને એવા કાલકાચાર્યની જરૂર છે**
**જેમના રોમે રોમે શાસનરક્ષાની સંવેદના હોય.**
**જે સમસ્ત સંઘને હાકલ કરે,**
**ને છતાં જો પરિણામ ન આવે**
**તો પોતે એકલા કૂદી પડે,**
**પણ માયકાંગલા બનીને ઠંડે કલેજે**
**સંઘની લાજ લૂંટાતી જોયા કરવી**
**એ તો એમના માટે કોઈ સંજોગોમાં શક્ય ન હોય.**

શા માટે એવું ન થાય ?
કે ગુરુમાના ધાવણ પીને મોટો થયેલો
એક એક યુવાન કાલકાચાર્ય બને
શા માટે એવું ન થાય ?
કે એ એક-એક યુવાન
સકળ સંઘને બુલંદ અવાજે હાકલ કરે
આજના ગર્દભિલ્લને હરાવવા માટે
કોઈના માથા કાપવાની ય જરૂર નથી.
ને માથું આપવાની ય જરૂર નથી,

આજે જરૂર છે
એક એક શહેરમાં દશ-દશ કન્યા-ડે તપોવન ઊભા કરી દેવાની
શું આટલું કરવામાં આપણે બીજા ૫૦ વર્ષ લગાડી દઈશું.
ને ત્યાં સુધીમાં બીજી લાખો કન્યાઓના
શીલને ચૂંથાઈ જવા દઈશું ?
શા માટે આપણે આટલું ન કરી શકીએ ?
ક્યાં અટકે છે ?
પૈસા માટે ?
કાલકાચાર્ય પાસે ફૂટી કોડી પણ ન હતી
પણ એમનું કામ બિલકુલ અટક્યું ન હતું.
ખરી સંપત્તિ છે સંવેદના.
એ હશે તો સંપત્તિનો ઢગલો થઈ જશે.
**૪૦૦૦ ભૂતપૂર્વ તપોવનીઓ +**
**૪૦૦૦ ભૂતપૂર્વ તપોવન શિબિરાર્થીઓ +**
**પૂ. ગુરુમાનું જેમણે એકાદ પણ પ્રવચન સાંભળ્યું હોય**
**એવા હજારો શ્રોતાઓ**
**આ બધા જ સિંહણના ધાવેલા છે.**
**આ બધા જ સિંહબાળ છે.**
**હજારો જૈન કન્યાઓના શીલ ત્યારે જ ચૂંથાઈ શકે**
**જ્યારે આ બધા સિંહબાળો**
**ઘેટા-બકરાના ગાડરિયા પ્રવાહમાં ભળીને**
**બેં-બેં કરવા લાગે.**
**તેઓ પોતાની અસ્મિતાને ભૂલી જાય**
**પોતાના ખમીર અને ખુમારીને ભૂલી જાય**
**પોતે કોનું દૂધ પીધું છે તે ભૂલી જાય......***

---

*. જિનશાસનના આ સદીના બીજા પણ મહાપુરુષો ગુરુમા-સમાન જ છે. તેમના શ્રોતાઓ પણ સિંહણના ધાવેલા જ છે. તેમને પણ અનુલક્ષીને આ વાત સમજવી.

મને યાદ આવે છે પેલા અંજનાસુંદરી
ભગવાન શ્રી રામને છેક લંકા સુધી લાંબા થવું પડ્યું.
પોતે યુદ્ધ કરીને સીતાજીને પાછા લાવવા પડ્યા.
એ માટે તે હનુમાનજીને ઠપકો આપી રહ્યા હતા.
એમની લાગણીની ધારા સાથે એમના દૂધની ધાર છૂટી
સામેની શિલાના ટૂકડે ટૂકડા થઈ ગયા
ને અંજનાસુંદરીએ કહ્યું.

**''હનુમંત !**
**ઐસો દૂધ મૈને તેરે કુ પિલાયો**
**પર તૂને તો મેરી કુખ લજાયો.''**

જરા કાન દઈને સાંભળવાનો પ્રયાસ કરો
શું ગુરુમા આપણને આ જ શબ્દો નથી કહી રહ્યા ?
સિંહણના ધાવણનું આનાથી વધુ ઈન્સલ્ટ
બીજું કયું હોઈ શકે ?
પેલા સોક્રેટીસના શિષ્યે જાહેર કર્યું હતું.
આખા શહેરમાં એક પણ માણસ હોત,
તો મારા ગુરુને આવો ઘોર અન્યાય કરીને
ઝેર ન આપી શકાયું હોત,

**મને કહેવા દો**
**કે આખા જિનશાસનમાં એક પણ સિંહ હોત**
**તો આ રીતે હજારો કન્યાના શીલ ન ચૂંથાતા હોત**
**સવાલ સંપત્તિનો છે જ નહીં**
**સવાલ પાંચમા આરા ને હુંડા અસર્પિણીનો પણ નથી**
**ને સવાલ 'આમાં આપણાથી શું થાય' એનો પણ નથી**
**સવાલ ફક્ત એક સિંહનો છે.**
**જે ત્રાડ પાડે,**

**જે ગર્જના કરે**
**જે કૂદી જ પડે,**
**ને ગર્દભિલ્લે ગધેડાની જેમ**
**ઊભી પૂંછડીએ ભાગી છૂટવું પડે.**

જો એક સિંહથી પણ આ શક્ય છે
તો હજારો સિંહથી આ કેમ શક્ય ન બની શકે ?
હું ખાતરી સાથે કહી શકું કે
ગુરુમાના ધાવેલા કમ સે કમ ૨૫૦૦૦ યુવાનો
આજે હયાત છે.
પ્રૌઢોને ઉમેરીએ તો આ આંકડો ક્યાંય આંબે તેમ છે.
એક યોગ્ય માળખું બનાવીને પ્રતિદિન
એક એક જૈન પાસેથી એક એક રૂપિયો લેવામાં આવે
તો દર મહિને દોઢ મહિને એક નવું તપોવન
ઊભું થઈ જાય એમ છે.
આ ૨૫૦૦૦ યુવાનોમાંથી ફક્ત ૨૫-૨૫ જણ
૧-૧ તપોવનને ચલાવવા માટે
પ્રોફેશનલી જોડાઈ જાય
એ પણ સારા પગારે
તો એનું મેનેજમેન્ટ પણ ચકાચક થઈ શકે તેમ છે.
શું આપણે આટલું ય નહીં કરી શકીએ ?

એક બાજુ ચીસ પડી જાય એવું દશ્ય છે...
**ચાંદલો ને ચોવિયાર સામે**
**મોઢું મચકોડી દેતી**
**ને ધડ દઈને ના પાડી દેતી જૈન (?) કન્યાઓ**
**જૈનત્વને છોડી-તરછોડી દેવા માટે હજારો-લાખો જૈનોની**
**રીતસર ઉશ્કેરણી કરી રહી છે.**

**પતિ અને સંતાનના ધર્મમાર્ગે આડી આવીને**
**પોતાના આત્માનું ય નખ્ખોદ વાળી રહી છે**
**ને જિનશાસન ઉપર પણ બુલડોઝર ફેરવી રહી છે.**

એ કન્યાની એક 'ના'
મહાત્માઓના હજારો પ્રવચનો ને સેંકડો શિબિરો પર
પાણી ફેરવી રહી છે.
એ કન્યાનો એક શોખ
આઠ વર્ષના પાઠશાળાના સંસ્કરણને
મૃત્યુદંડની સજા કરી દે છે.
એ કન્યાના જ્યાં-ત્યાં થયેલા લગ્ન
આવનારી હજારો પેઢીઓને
જિનશાસનથી સદંતર વંચિત કરી દે છે.
દીકરીની ઉપેક્ષા
એ તમારા પોતાના અને જિનશાસનના
સર્વાંગીણ અસ્તિત્વની ઉપેક્ષા છે.

**બસ, બહુ બેં-બેં થઈ ગયું,**
**હવે આપણા સિંહત્વને સમજીએ**
**ગર્જના કરીએ અને કૂદી પડીએ.**
**સર્વાંગીણ સફળતા આની જ રાહ જોઈ રહી છે.**

✻

કારણ કે સ્કૂલ ભણવા માટે હોય છે.
ભવાડા કરવા માટે નહીં.
તમને અતિશયોક્તિ લાગતી હોય,
તો તમે કોઈ પણ એક સ્કુલનો ડીપ સર્વે કરી લો.
અમારે તમને એક પણ જવાબો આપવાની જરૂર નથી.
માટે જ આપણે ત્યાં વિદ્યાર્થી-અવસ્થાને
બ્રહ્મચર્ય આશ્રમ કહેવાતો, આપણે ત્યાં
ગામે-ગામ ને શહેરોમાં કુમારશાળા ને કન્યાશાળાઓ હતી.
જે આજે ય ગામડાઓમાં તો ઠેર ઠેર છે.
છતાં આપણામાં કેટલાક લોકો
હજી પણ અંગ્રેજીની વફાદારી છોડી શકતા નથી.
તેમના માટે અંગ્રેજ ઉદાહરણો પણ પ્રસ્તુત છે.
બ્રિટનમાં બ્રન્ટવુડમાં એક હાઈસ્કુલ છે - શેનફિલ્ડ.
તેમાં ૧૯૯૪ થી ૧૧ વર્ષની ઉપરના છોકરા-છોકરીઓને
અલગ અલગ ભણાવાય છે.
ફક્ત શેનફિલ્ડ જ નહીં
સ્ટેટ લેવલની ટોપ ક્લાસની પચાસ સ્કુલોમાંથી
ત્રીશ સ્કુલો આવા પ્રકારની છે.
આ પદ્ધતિના તેમને ખૂબ સારા પરિણામો મળ્યયા
ને તેઓ સતત આ પરિણામોને જાળવી શક્યા છે.
બ્રિટનના અનુભવીઓનું કહેવું છે.
કે ''આ રીતે સેપરેટ એજ્યુકેશનથી
સ્ટુડન્ટ્સ સ્ટ્રેસ ફ્રી રહે છે.
અને સારું કોન્સન્ટ્રેશન જાળવી શકે છે.
આવતીકાલના બ્રિટન માટે આવી સ્કુલ્સ આદર્શ ગણાશે.''

## ❀ Tapovan Means : બધા Loss માં તમે Plus માં ❀

જુઓ જૈન છોકરીને ફસાવવાના અત્યારે તો ૧૦ લાખ ચાલશે, પણ હવે પછીથી ૨૫ લાખ જોઈશે. આ લોકોએ કન્યા તપોવનથી આપણું કામ બહુ અઘરું કરી દીધું છે.

* પહેલા તો જૈનોની સંખ્યા આટલી ન'તી વધતી, શું થયું ?
* હવે તો કન્યા તપોવન થઈ ગયું ને, સંસ્કરણ મજબૂત છે. જ્યાં-ત્યાં ભાગી જવાનું બંધ થઈ ગયું.

* આ શું ?
જૈનોના છૂટાછેડાના કેસોમાં
આટલો ધરખમ ઘટાડો ?
એકાએક શોર્ટ ટાઈમની અંદર
આવું કેવી રીતે થઈ ગયું ?
* ગર્લ્સ તપોવનથી
મા બાપોને હાશ થઈ ગઈ.
ને દીકરીની ય જિંદગી બચી ગઈ.

* હવે જૈન પેશન્ટો કેમ બહુ ઓછા આવે છે ?
* આ ગર્લ્સ તપોવન બની ગયું ને, પહેલા તો વાઈફના ફોર્સથી આખું ઘર હોટલ-લારીએ જમ્યા કરતું. હવે આખી પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. મેડિકલ ઈન્ડસ્ટ્રીને કરોડોનું નુકશાન થઈ ગયું છે.

* આ ટ્યુશન ક્લાસવાળા
કેમ બંધ થતા જાય છે ?
* આ ગર્લ્સ તપોવન થઈ ગયું ને ?
સંસ્કારો ય વધ્યા ને ભણવામાં
ધ્યાન પણ કેન્દ્રિત થયું.
મોબાઈલના વળગણ પણ છૂટ્યા
ને રખડવાનું ય બંધ થઈ ગયું.
વગર ટ્યુશન-ક્લાસે ય
૯૦% થી વધુ આવવા લાગ્યા,
પછી એ ખર્ચા કોણ કરે ?
ઘરે-ઘરે આવક વધી ગઈ.

* શું તમને સુગર બી.પી. કશું જ નથી ? આ જમાનામાં ?
* હું જૈન છું.
ડોટર તપોવનમાં સ્ટડી કરે છે.
વેલ્યુ એજ્યુકેશન બહુ હાયર છે.
આઈ એમ ટોટલી ટેન્શન-ફ્રી
જેની જિંદગી જ મીઠી બની ગઈ
હોય એને સુગર પ્રોબ્લેમ ક્યાંથી
થાય ?
થેન્ક્સ તપોવન.

* તપોવનથી મને ૫૦ લાખનો ફાયદો થયો.

* કેવી રીતે ?

* બાજુવાળાની નિકુ ને આપણી સુકેતાનું સાથે જ કર્યું હતું.
એ કોન્વેન્ટમાં ભણેલી
તે પાછી આવી.
રોજ એના ઘરે રડારોળ ચાલે છે.
આપણી દીકરી તો
સરસ સેટ થઈ ગઈ.
મેરેજનો ખર્ચો વસૂલ થઈ ગયો.

* જૈન વૃદ્ધાશ્રમોની હાલત બહુ ખરાબ છે.

* કેમ ? વ્યવસ્થા સારી નથી ?

* ના, કોઈ રહેવા જ નથી આવતું, એક પછી એક બંધ થવા લાગ્યા છે. કોની વ્યવસ્થા કરે ?

* પણ અચાનક આવું કેવી રીતે થયું ?

* ગર્લ્સ તપોવનથી, એનું સંસ્કરણ બહુ મજબૂત છે.

## ❀ No One Else Tapovan ❀

જુઓ તમારી દીકરી ભણેલી છે,
રૂપાળી છે, સ્માર્ટ પણ છે.
બધી વાત સાચી...પણ..
એ તપોવનમાં નથી ભણી ને...
એટલે અમારે નથી કરવું.
એમ કાંઈ અમારો પુનિત
બહુ ધાર્મિક નથી,
પણ એને વફાદારીની
ખૂબ અપેક્ષા છે.
આજના ટાઈમમાં
તપોવન વિના આ બધું
સંસ્કરણ પોસિબલ નથી.
સોરી.

સારું થયું
આપણે તપોવનવાળી જ પસંદ કરી.

આ બાજુમાં ડિપ્લોમા ને
જોબવાળી દીકરી આવી છે
તો બિચારાઓને આખો દિવસ
રામાયણ ને મહાભારત
ખૂટતા જ નથી.
હવે ડિવોર્સની વાત
ચાલી રહી છે.
વળતરના મુદ્દે
આખું ઘર સાફ થઈ જાય
એવી દશા છે.

અમે કેટલી શરતો કરીએ ?
નટડી જેવા બેશરમ કપડા ન
હોવા જોઈએ.
સ્વભાવ સારો હોવો જોઈએ.
ગુસ્સો અને જીદ બિલકુલ
ન હોવા જોઈએ.
બોયફ્રેન્ડસ બિલકુલ
ન હોવા જોઈએ.
જ્યાં-ત્યાં રખડતી-ફરતી
ન હોવી જોઈએ.
એકાન્તમાં ફોન પર ચેટિંગ વગેરે
કરતી ન હોવી જોઈએ.
વિનય-વિવેક સારા હોવા જોઈએ.
જવાબદાર પણું હોવું જોઈએ.
આખો દા'ડો અરીસો ને
ઘર આખું લઘરવઘર
એવું ન હોવું જોઈએ.
ઘર સાચવતા સારું આવડવું જોઈએ.
આચડ-કુચડ ખાઈ ખાઈને
આજે પેટ દુખ્યું ને કાલે માથું દુખ્યું.
એવી ફરિયાદો કરતી
ન હોવી જોઈએ.
તમે જ કહો
અમે કેટલી શરતો કરીએ ?
એટલે અમે તો
એક જ વાત કરીએ છીએ
અમને તપોવનમાં ભણેલી જોઈએ.

અમે રાજા-રાણી
થઈ ગયા છીએ ને એ
ઘરની મહારાણી થઈ ગઈ છે.
બધાના દિલ જીતી લીધા છે.
હજી તો બે વર્ષ પણ
પૂરા નથી થયા
પણ ચાવી એને આપી દીધી છે.
એ તો ન'તી લેતી
પણ અમે જ ફોર્સ
કરીને આપી છે.
અમે ય સુખી થઈ ગયા
ને અમારો દીકરો ય
સુખી થઈ ગયો
ઘર સ્વર્ગ બને
એવું બધું કહેવાતું હોય છે.
૫-૨૫ હજારની
ટિકીટ લઈને
સેમિનારોમાં સંભળાતું હોય છે.
તો ય ઘર-ઘર ભડકે
બળતા હોય છે.
પણ
અમે તો ખરેખર સ્વર્ગ
અનુભવીએ છીએ.
ખરેખર
તપોવને તો કમાલ
કરી દીધી.

# ❀ Choice ?..... Only One Tapovan ❀

આ સાતમા છોકરાએ
રિજેક્ટ કરી.
બધાની એક જ માંગ છે.
અમને તપોવનમાં ભણેલી જોઈએ
એમની ય વાત સાચી છે.
એમની ય જિંદગીનો સવાલ છે.
કાશ
આપણે એને તપોવનમાં
ભણાવી હોત.

મહિના પછી બધું જ
બહાર આવ્યું.
પણ ત્યાં સુધીમાં તો
એ ભાગી ગઈ હતી.
એ લાવી'તી એ સિવાયના ય
દાગીના લઈ ગઈ.
રોકડ પણ સારું એવું લઈ ગઈ.
બે'ય પરિવારની આબરૂ ગઈ.
તપોવનમાં ભણી હોત
તો આવું કશું ન થાત.

હજી તો એનાં સાસુ
૫૫ વર્ષના જ છે.
તો ય મેજોરિટી દાગીના
એને આપી દીધા છે.
એ ના કહી કહીને થાકી
છેવટે સાસુએ જરા કડકાઈથી
કહી દીધું,
''તને કહ્યું ને તારે લઈ લેવાના છે.''
પછી તો એને ભેટી જ પડ્યા
ને આંખમાં આંસું સાથે બોલ્યા,
''મને દુનિયો સૌથી મોંઘો દાગીનો
મળી ગયો છે. તું.''
ખરેખર તપોવનનું સંસ્કરણ
એટલે તપોવનનું સંસ્કરણ.

સસરા
ઘરને વહુના નામે કરી દે
એ ય આટલું જલ્દી...
બહુ કહેવાય
બીજું ય ઘણું આપ્યું છે.
પેલી બાજુવાળાની વહુ
જોબ ને ઝગડામાંથી
ઊંચી આવતી નથી.
એ આખી જિંદગી ઢસરડા કરી
કરીને જે ભેગું કરશે,
એટલું તો આને અત્યારથી
મળી ગયું.
બીજા સુખ-શાંતિ નફામાં.
ખરેખર તપોવન એટલે તપોવન.

# ❀ Your Choice ❀

એ કોન્વેન્ટમાં
આખી સ્કુલમાં ફર્સ્ટ આવી હતી
ને અત્યારે ઝગડા, કંકાસ, કજીયા
ને પોલિસ-કેસ કરવામાં ય
એનો ફર્સ્ટ નંબર છે.
એ પાછી આવવાની તૈયારીમાં છે.
જિંદગીની પરીક્ષામાં
એ ફુલી ફેઈલ થઈ ગઈ.
કા...શ
અમે એને તપોવનમાં મુકી હોત.

એ ખરેખર દેવી છે.
આખું ઘર એની પૂજા કરે છે.
એમ કહીએ તો ચાલે.
એની સાથે રહીને અમારા
સ્વભાવો
સુધરવા માંડ્યા છે.
રોજ કમ સે કમ એક વાર તો
મનમાં આ શબ્દો
આવી જ જાય છે.
થેન્ક યુ તપોવન.

✺

# ❀ Only One તપોવન ❀

૨૩ નહીં દોસ્ત
આવું કેમ થયું તે વિચાર.
તું એમ માનતો હતો
કે શોખીન, બહુ મોહવાળી
છેલ્લી ફેશનના કપડાવાળી
ને ધર્મમાં
નહીં માનનારી છોકરી સાથે
તું સુખી થઈશ.
પણ હકીકત એનાથી ઊંધી હતી.
માટે જ મેં તપોવનમાં ભણેલી
સંસ્કારી કન્યા પસંદ કરી
માટે જ હું સુખી છું.
ને રોજ એક વાર તો મનમાં
બોલી જ ઉઠું છું.
તપોવન ! થેન્ક યુ વેરી મચ

દોઢ વર્ષના બાબાને લઈને
સાતમા માળેથી કૂદી પડી
મરી
ને બધાને મારતી ગઈ
વાતમાં ખાસ કાંઈ હતું નહીં
કોન્વેન્ટ
જોબ
ઈગો
અને ઈગ્નોરન્સ
પછી બીજું શું થાય ?
કાશ
એ તપોવનમાં ભણી
હોત !!!

✺

*I think*
એને પણ નહીં ખ્યાલ હોય
કે એ શું બોલી
દોઢ કલાક સુધી સતત
અલ્પવિરામ પૂર્ણવિરામ વગરનું
એનું ભાષણ સાંભળવું
એ ખરેખર ખૂબ અઘરું
પડી જાય છે.
ડ્રોઈંગરૂમમાં હસવાનું
ને
બેડરૂમમાં ભસવાનું
આવી એની સિસ્ટમ છે.
આના કરતા
હું તપોવન-સ્ટુડન્ટને
પરણ્યો હોત તો ?

ડિગ્રી, જોબ, પૈસા, સ્કીન,
લુક, સ્ટાઈલ
આ બધાની કોઈ જ જરૂર ન હતી
મને જરૂર હતી સંસ્કારની
*I mean*
સંસ્કારી કન્યાની.
તપોવન સ્ટુડન્ટમાં જ
એની મોસ્ટ પોસિબિલિટી હતી.
હું મૂરખ બન્યો,
મેં મારા જ પગ પર
કુહાડો માર્યો.
ખોટું પાત્ર પસંદ કર્યું.
ને
મારી જિંદગી નરક બનાવી દીધી.
કા..શ...

✳

# ❀ What's your Choice for Your Daughter ? ❀

| Option 1 | | Option 2 | |
|---|---|---|---|
| Age | Progress | Age | Progress |
| ૭ | બોયફ્રેન્ડ્સ | ૭ | વિનય |
| ૮ | પ્રાઈવસી | ૮ | વિવેક |
| ૯ | લોંગ-ટોક | ૯ | સેવા |
| ૧૦ | એટ્રેક્શન | ૧૦ | સંસ્કાર |
| ૧૧ | અન્ડરસ્ટેન્ડિંગ | ૧૧ | શરમ |
| ૧૨ | ટચિંગ | ૧૨ | સુશીલતા |
| ૧૩ | અફેર્સ | ૧૩ | સંતોષ |
| ૧૪ | અબોર્શન | ૧૪ | સહનશીલતા |
| ૧૫ | કોમપ્લિકેશન્સ | ૧૫ | સદા પ્રસન્નતા |
| ૧૬ | ન્યુ અફેર્સ | ૧૬ | વિવેક |
| ૧૭ | અબોર્શન | ૧૭ | સ્વાનુશાસન |
| ૧૮ | ડિપ્રેશન | ૧૮ | જવાબદારપણું |
| ૧૯ | બ્લેકમેઇલિંગ | ૧૯ | લોકપ્રિયતા |
| ૨૦ | ડ્રિન્કીંગ | ૨૦ | ગુણસમૃદ્ધ વ્યક્તિત્વ. |

Yes,

this is really happening.

If you are a correct Papa,

choose a correct school.

Hello, I'm from U.S.
હું અહીં ખાસ મેરેજ માટે જ આવ્યો છું.
ત્યાંની છોકરીઓમાં લફરાં, વ્યસનો કોમન થઈ ગયા છે.
માટે મારે અહીં કોઈ સારી છોકરીને પરણવું છે.
જે સ્મોક ન કરતી હોય, આલ્કોહોલ ન પીતી હોય,
ડ્રગ્સ ન લેતી હોય, જે બેશરમ ન હોય,
જેના અફેર્સ ન ચાલતા હોય,
I mean, જેના બોયફ્રેન્ડ્સ જ ન હોય,
જે શરીરપ્રદર્શન કરનારા કપડાં ન પહેરતી હોય,
In short, I need a good girl.
મને એવી છોકરી મળી શકે ?
Why not ? Just ask for Tapovan - past student.

**અમદાવાદમાં દીકરીઓ અત્યંત ભયંકર પરિસ્થિતિમાં :**

બધે જ વધતા જતા વિધર્મીઓ સાથે ભાગી જવાના કેસો :

**કારણો :**

(૧) હાઈસ્કુલ અને આગળ સહશિક્ષણ
(૨) જોબ-કલ્ચર
(૩) સાઈબર-ફ્રોડ્સ
(૪) ધર્માંતરણ-આંદોલનો
(૫) ધર્માંતરણ - લાખોના ઈનામો
(૬) સહજ માનવ-સ્વભાવ
(૭) ફ્રીડમના રૂપકડા નામ હેઠળ અસુરક્ષિતતા

ઉપાય :

યોગ્ય સંસ્કરણ

શ્રેષ્ઠ પ્રકાર :

કન્યા તપોવન

નિર્ધારિત તારણો મુજબ બે વર્ષમાં
અમદાવાદમાં કન્યા તપોવન ધમધમતું નહીં થાય તો
નવા ૩ હજાર મા-બાપો માથું કુટીને રોશે.

બીજા ત્રણ હજાર પરિવારોએ ના છૂટકે પણ ફરજિયાત
મેજર સંસ્કાર-ભેદવાળા પાત્રને સ્વીકારવું પડશે.
કારણ કે બધે આ જ પરિસ્થિતિ છે.

આ રીતે
પરિવાર, સમાજ, ધર્મ, સંસ્કાર
બધું જ ખતમ થઈ જશે
અને ઘર નરક બની જશે.

આજે અમદાવાદની સૌથી પહેલી જરૂરિયાત છે
કન્યા તપોવન.

બીજા હજાર કામ મુકીને સૌથી પહેલા કરવા જેવું
આ કામ છે.

✺

# ❀ ચાલો આંધીને આનંદોત્સવમાં પલટી દઈએ ❀

|| શ્રી શાન્તિનાથાય નમઃ ||

સૌ ભાઈ-બહેનોને પ્રમાણ ! આપ સૌ શાતામા હશો.
આપણા શ્રીસંઘમાં આપણે ઉછળતા ઉલ્લાસથી સામૂહિક વર્ષીતપ
કરાવવા માંગતા હતા.
પૈસાની કોઈ જ કમી ન હતી.
પણ કોરોનાના શંકાસ્પદ વાતાવરણમાં એ શક્ય ન બન્યું.
આપણને અફસોસ પણ થયો.
થવો પણ જોઈએ.
પણ એના કરતા અનેકગણો અફસોસ કરવા જેવી એક હકીકત છે.
એનો આપણને ખ્યાલ છે ખરો ?
ફક્ત અફસોસ કરવા જેવી જ નહીં શરમથી પાણી પાણી થવા જેવી
ને ઢાંકણીમાં પાણી લઈને ડુબી મરવા જેવી એક હકીકત છે.
જેનું નામ છે આપણા ઘરની આબરુનું સરેઆમ લીલામ
આપણા રીતસરના ધજાગરા.
આપણી દીકરી બીજા ધર્મમાં પરણે એનાથી માંડીને
એ છેલ્લામાં છેલ્લી કોમના ઘરે જઈને બેસે
એવી ઘટનાઓની હારમાળા સતત ચાલી રહી છે.
હૃદયની વાત કહું ?
વર્ષીતપ કરેલી કોઈ છોકરી વિધર્મી સાથે ભાગી જાય
માસખમણ કરેલી છોકરી સાસરે નોનવેજ રાંધવા તૈયાર થઈ જાય
અટ્ઠાઈ કરેલી છોકરી એબોર્શન કરાવે
અને ઉપધાન કરેલી છોકરી ય ત્રીજી વાર પાછી આવે
તો ય આપણે આત્મનિરીક્ષણ નહીં કરીએ ?
આપણી આજુબાજુમાં જ ઢગલાબંધ આવી ઘટનાઓ
બની જ રહી છે.

તો ય આપણે આંખ-આડા કાન કરશું ?
આપણું ઘર લૂંટાવાની તૈયારી હોવા છતાં ય
આપણા પેટનું પાણી ય નહીં હલે ?
દીકરી બરબાદ... પરિવાર બરબાદ... સંઘ બરબાદ... બધું જ બરબાદ
સત્યાનાશના આ તાંડવને આપણે ઠંડે કલેજે જોયે જ રાખશું ?
એક તો આપણી સંખ્યા ઓછી
બીજી બાજુ દર વર્ષે આપણી હજારો દીકરીઓ ફસાઈને બરબાદ થતી હોય.
બેફામ ગર્ભપાતો થઈ રહ્યા હોય,
દુરાચારોએ માઝા મુકી હોય
મહાત્માએ ઘરમાં પગ ન મુકાય એવી વેષભૂષાઓ ચાલતી હોય,
અરે, આપણે પોતે આંખો સાચવવી પડતી હોય
છૂટાછેડાઓ વધતા ચાલ્યા હોય
આ બધું ક્યાં જઈને પહોંચશે આનો વિચાર કર્યો છે ?
શું આપણે આટલી ગંભીર બાબતની બિલકુલ ચિંતા નહીં કરીએ ?
શું આપણે એટલા બધા સંવેદનશૂન્ય બની જઈશું ?
ના ને ?
તો થાઓ તૈયાર.
આ વર્ષે ભલે સામૂહિક વર્ષીતપ નહીં, પણ એના કરતાં પણ
અસહ્ય આવશ્યકતા અને અનેકગણું મહત્ત્વ ધરાવતા ક્ષેત્રમાં
આપણું જબરદસ્ત યોગદાન આપીએ
જેનાથી આ આખી ય પરિસ્થિતિ પલટો ખાઈ જાય.
ઘરે ઘરે સુલસા ને મયણાનું અવતરણ થાય
આપણે સહુ પણ સુખી થઈએ
અને છેલ્લા ડચકા જેવી દશામાંથી જિનશાસનને પુનર્જીવન પણ મળે.
એ ક્ષેત્ર છે.
કન્યા તપોવન - ડે સ્કુલ
શ્રેષ્ઠ શિક્ષણ સાથે શ્રેષ્ઠ સંસ્કરણ

અને ઉપરોક્ત બધી જ સમસ્યાઓનો અંત

જો આપ આટલી સમયોચિત સમજદારી અને શાસનસમર્પણ દાખવી શકો

તો ખરેખર બધું જ બચી જશે.

આજના જમીન, મકાન વગેરેના ભાવો આપ જાણો છો.

આપ સમજદાર છો માટે કોઈ આગ્રહ પણ નથી. આપણે સમજીએ

એ જ મોટી વાત છે, એ જ પૂરતું છે.

એનાથી સિદ્ધિ મળીને રહેશે.

૧ રૂ. થી માંડીને ૫૧ કરોડ રૂ. સુધીનું આપની ક્ષમતાનુરૂપ દાન

આપ આપી શકો છો.

શાસનની આવશ્યકતા સમજીને આપેલું દાન

આપણી ઈચ્છામાત્રથી આપેલા દાન કરતા અનંતગણું મૂલ્યવાન છે.

સંપૂર્ણ સંકુલને આપનું નામ આપવાથી માંડીને આપના

દાનને યોગ્ય ન્યાય આપવાની જવાબદારી અમારી છે.

ચાલો,

આપણે વિઘ્નોના વાદળોને વીખેરી દઈએ અને જિનશાસનના સોનાના

સૂરજને ચોતરફ ચમકાવવામાં નિમિત્ત બનીએ.

**તાજા કલમ :** * પૂરો પ્લાન રેડી છે. જોવા મળી શકશે.

* પાલડી-વાસણામાં પ્લોટ જોઈ લીધેલ છે.
* આપણી દીકરી/સંઘની દીકરીને બચાવી લેવા માટે આપ સૌ સાથ આપશો જ એવો વિશ્વાસ છે.

| મને મળ્યું | મને ન મળ્યું |
|---|---|
| કોન્વેન્ટ એજ્યુકેશન | પાઠશાળા |
| ટ્યુશન | ધર્મશિબિર |
| સ્વિમિંગ ક્લાસ | શ્રમણી-સત્સંગ |
| ડાન્સ ક્લાસ | ધાર્મિક પુસ્તક વાંચન |
| ડ્રોઈંગ ક્લાસ | લાગણી |
| સ્માર્ટ ફોન | સાચું વાત્સલ્ય |
| એક્ટીવા | હિતદષ્ટિ |
| કોલેજ | સંસ્કારી બહેનપણીઓ |
| બોય ફ્રેન્ડ્સ | સારું વાતાવરણ |
| પ્રાઈવસી | કન્યા તપોવન |

માટે

હું હવે જૈન નથી

હું યા માછલાનો ટોપલો લઈ ફરું છું

યા મટન શોપમાં બેસું છું યા નોનવેજ પકાવું છું.

અને દુઃખી દુઃખી થઈને દિવસ-રાત રડું છું.

બધાએ મને ઘણી સમજાવેલી કે હું પાગલ થઈ ગઈ છું.

પાગલપણું ગયું ત્યારે મેં બે સત્ય જાણ્યા

(૧) હું ખરેખર પાગલ થઈ ગઈ હતી

(૨) મને પૂરી પાગલ થઈ જવા માટે પૂરું વાતાવરણ પૂરું પડાયું હતું.

પ્લીઝ

આ વર્ષે બીજું બધું જ ગૌણ કરીને

તપોવન ગર્લ્સ-ડે સ્કુલ બનાવી લો

નહીં તો મારી હજારો બહેનો ય આ જ નરકમાં આવી જશે.

પ્લીઝ.

## ❀ Now Your Daughter's Turn ❀

એણે મારા પપ્પા પાસેથી
પૂરા ૫ લાખ રૂ. પડાવ્યા,
મને પાછી મોકલવાની શરતે
પણ
મને પાછી ન મોકલી.
મને ઢોર માર માર્યો.
મને ગૂંધી દીધી.
જેના શબ્દો હતા
'તું જ મારું જીવન છે.'
એ જ મારું મોત બની ગયો.
એની પાસે એક જ ધમકી હતી - તારું મર્ડર કરી દઈશ.
બસ
આના દ્વારા
એણે મારી પાસે નોનવેજ રંધાવ્યું.
રોકડી કરવા માટે મારું શીલ વેચાવ્યું.
ને મારા પપ્પાને ખંખેરી ખંખેરીને ખોખલા કરી દીધા.
ત્યાં તેઓ રડે છે
ને અહીં હું...
હું ચીસો પાડીને કહી રહી છું.
સંભળાય છે તમને ?
તમે ક્યાં સુધી તમારી જુની ઘરેડમાં ચાલે રાખશો ?
જલ્દીથી જલ્દી
કન્યા તપોવન - ડે સ્કુલ
ઊભી કરી દો
નહીં તો હવે વારો તમારી દીકરીનો છે.

## ❀ *Death Forever* ❀

મેં આખું તીર્થ બનાવ્યું
બીજા ત્રણ દેરાસર બનાવ્યા.
મોટી સંખ્યામાં આરાધકોને ઉપધાન કરાવ્યા.
આઠ સંસ્થામાં પ્રમુખ બન્યો.
તેર જગ્યાએ ટ્રસ્ટી છું.
બધા મને ઓળખે એટલું મારું નામ છે.
દર વર્ષે ત્રણ-સાડા ત્રણ કરોડનું દાન દઉં છું.
પણ
મેં કન્યા તપોવન-ડે સ્કુલ ન બનાવી
માટે
આજે હું કોઈને મોઢું બતાવી શકું તેમ નથી.
રોજ એમ વિચાર આવે છે કે આપઘાત કરીને મરી જાઉં.
મારે એ જોવું જ ન'તું
કે મારી દીકરી ને સંઘની દીકરીઓની શું આવશ્યકતા છે ?
જેની પહેલી જરૂર હતી, એને મેં છેલ્લો નંબર પણ ન આપ્યો.
બસ,
હવે જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી મરતો રહીશ.

* * * * *

કા...શ... એ ગઈ
ને
અમને મારતી ગઈ.
દીકરો શ્રવણ બન્યો.
દીકરી મરણ બની.
કાશ, દીકરીની પણ
તપોવન-ડે સ્કુલ હોત.

# ❀ I Died ❀

મને જરૂર હતી
Value education ની
મને જરૂર હતી
Spiritual charging ની
શુદ્ધ સંસ્કારી વાતાવરણની
મને જરૂર હતી
સુશીલતા, શરમ અને મર્યાદાની
પણ
મને મળ્યો સ્માર્ટ ફોન
જે મને સતત ફ્લર્ટિંગનું એજ્યુકેશન આપતો રહ્યો.
મને મળ્યું ગંદુ ગ્રુપ
જેમાં ડિસ્કસ થતી વાતો કહી શકાય તેમ નથી.
મને મળ્યા બોય ફ્રેન્ડ્સ
જેમણે મારી સાથેના વર્તનમાં બધી જ બાઉન્ડ્રીઝ ક્રોસ કરી દીધી.
ને મને મળ્યો એક શિકારી.
જેણે મારો પૂરે પૂરો શિકાર કરી દીધો.
હું
મારો પરિવાર
મારો ધર્મ
મારા સંસ્કાર
બધું જ ખતમ થઈ ગયું
હવે હું લોહીના આંસુ પાડું છું.
ને જીવતે જીવ મરું છું.
કાશ... ..
અમારી પણ એક તપોવન ડે-સ્કુલ હોત !!!

## ❀ To : દિકરીના વાલીને ❀

| રોગ | દવા |
|---|---|
| ચપોચપ જિન્સ | તપોવન-ડે સ્કુલ |
| શોર્ટ્સ | તપોવન-ડે સ્કુલ |
| પિત્તળ સ્વભાવ | તપોવન-ડે સ્કુલ |
| ગુસ્સો | તપોવન-ડે સ્કુલ |
| જીદ | તપોવન-ડે સ્કુલ |
| ગાંડો મોહ | તપોવન-ડે સ્કુલ |
| બોયફ્રેન્ડ કલ્ચર | તપોવન-ડે સ્કુલ |
| લફરા | તપોવન-ડે સ્કુલ |
| તદ્દન ખોટા પાત્રને પરણવાની જીદ | તપોવન-ડે સ્કુલ |
| જેની-તેની સાથે ભાગી જવું | તપોવન-ડે સ્કુલ |
| જોબ કલ્ચર | તપોવન-ડે સ્કુલ |
| અસહનશીલતા | તપોવન-ડે સ્કુલ |
| સાસરેથી પાછા આવવું | તપોવન-ડે સ્કુલ |
| આપઘાતના વિચારો | તપોવન-ડે સ્કુલ |

રોગીને દવા ન આપવી એ ય એને મારી નાંખવા બરાબર જ છે.

***Either***

***Medicine***

***OR***

***Murder***

બેમાંથી એક જ શક્યતા છે

બોલો

શું કરવું છે તમારે ?

# ❀ Why Self - Enemy ? ❀

આગ
લાગી ચૂકી છે
ભયંકર ગતિએ આગળ વધી રહી છે
તમારા ઘરની
બરાબર લગોલગ આવી ગઈ છે
તમારા ઘરને
ભરખી લેવાની તૈયારીમાં છે
બીજું બધું જ મુકીને
અદ્ધર શ્વાસે
બધી જ શક્તિ લગાવીને
તપોવન-કન્યા ડે સ્કુલ નામના
ફાયરબ્રિગેડને તાત્કાલિક હાજર કરવાની જરૂર છે
હવે
તમે શું કરી રહ્યા છો
એના પર ડિપેન્ડ છે
કે તમારું ઘર બચશે કે નહીં ?
**જો તમને ફાયર બ્રિગેડની કશી જ પડી નથી,**
**તો એનો અર્થ એ જ છે કે**
**આગ તો ફક્ત એક નિમિત્ત હતી,**
**તમારા ઘરને ભરખી જનાર તમે જ છો**
**પ્લીઝ,**
**આ રીતે તમારી જાતના દુશ્મન ન બનો.**

✺

# ❀ અપલક્ષણોના ઈન્જેક્શન્સ ❀

હું જન્મી
ત્યારે ન'તી મારામાં ઉદ્ધતાઈ
ન'તી આવી જીદ ને ગુસ્સો
ન'તું મને શરીરપ્રદર્શનનું મન
ન'તો મને મા-બાપનો આવો દ્વેષ
ન'તી તદ્દન છેલ્લી કોમના છોકરા સાથે
ભાગી જવાની વૃત્તિ.
મારા કારણે મારા મમ્મી પપ્પા માથું કુટી કુટીને રડે
ને લોહીના આંસુ પાડે
યા હું જેની-તેની સાથે ભાગી જાઉં
ને યા સાસરેથી પાછી આવું
એવા મારામાં કોઈ જ અપલક્ષણો ન હતા.
મને આ બધા જ અપલક્ષણો
ખરીદી ખરીદીને આપવામાં આવ્યા
બહારથી સજેલી ને અંદરથી સડેલી
એવી સ્કુલની ફી ભરી ભરીને
આ અપલક્ષણોની મારા માટે ખરીદી કરાઈ હતી.
કોસ્મોમાં ઘરની ખરીદી કરાઈ
એ ય હકીકતમાં આ જ ખરીદી હતી
ફોરેનની ટિકીટ ખરીદી
તેમાં ય હકીકતમાં આ જ ખરીદી હતી
સ્માર્ટ ફોન ને બેશરમ કપડાની ખરીદી થઈ
તેમાં ય હકીકતમાં આ જ ખરીદી હતી
હું એક નિર્દોષ કૂમળી બાળકી હતી

મને સોયો ઘોંચી ઘોંચીને અપલક્ષણોના ઇંજેક્શન્સ
આપવામાં આવ્યા.
મારા પર વિકૃતિઓ અને વિકારોના
ભયંકર આક્રમણો થયે જ રાખે
એમાં હું કેવી રીતે બચું ?
હું કેમ આ રીતે મા-બાપનું મોઢું કાળું કરીને
એમને જીવનભરનો આઘાત આપીને ભાગી ગઈ ?
આ સવાલનો જવાબ આટલો જ છે.
કે મારા સંસ્કરણ માટે
કન્યા તપોવન ડે સ્કુલ જેવી કોઈ વ્યવસ્થા જ ન હતી.

✺

## ❀ HER Life Or Your Death ❀

તો હું પણ
સરસ સાડીમાં સજ્જ હોત.
મમ્મી-પપ્પાની પસંદગીના સાસરે પરણી હોત,
બોયફ્રેન્ડ મારી ડિક્શનેરીમાં ય ન હોત,
પતિને મારા પર અનહદ પ્રેમ હોત.
સાસરામાં બધા મારાથી ખુશ હોત,
હું ઘરની રાણી હોત.
ને મારા ઘરમાં સ્વર્ગ હોત,
જો
મારા માટે ય તપોવન સંસ્કરણની
ડે સ્કુલની વ્યવસ્થા હોત.

એવું તો તમે કાંઈ કર્યું નહીં
ને હવે
મારા કપડાંની, મારા બખાડાંની
ને મારા ભવાડાંની ચર્ચા કર્યા કરો છો
એનો શું અર્થ ?
વિકારોના આવા ભયંકર આક્રમણોમાં
સજ્જડ સંસ્કરણ ન કરાય
તો આની સિવાય બીજું શું થઈ શકે ?
કાન ખોલીને સાંભળી લો
તમે દીકરીને 'જીવન' આપો
નહીં તો
એ તમારા માટે 'મોત' બનીને રહેશે.

✺

## ❀ *The Truth* ❀

સંસ્કરણ વિનાનું શિક્ષણ
એ એવી આતંકવાદી સંસ્થા છે
જે પહેલા તો
પોતાના જ ઘરમાં બોમ્બ ફોડવાની
તાલીમ આપે છે
માનો કે ન માનો
આ પુરવાર થયેલું સત્ય છે.

✺

## ❀ The Real Reason ❀

'દાદા,
ફઈબા ક્યાં ગયા છે ?
તમે કેમ ઘડી ઘડી આસું લૂંછો છો ?
મમ્મી કેમ આટલું જોર જોરથી રડે છે ?
પપ્પા કેમ જમતા નથી
ને આટલા ઉદાસ ઉદાસ બેઠા છે ?
આટલા ફોનની રીંગો વાગે છે,
તો કેમ કોઈ રિસિવ કરતું નથી ?'
આખું ઘર કેમ આટલું ગમગીન છે ?
કારણ શું છે દાદા ?
પ્લીઝ મને કહો ને ?'
'કારણ એટલું જ છે બેટા !
કે સાક્ષી માટે
આપણને ઈન્ટરનેશનલ સ્કુલની જરૂર હતી,
તપોવન સ્કુલની નહીં.'

✺

## ❀ No Option ❀

એક ખાનદાન પરિવારમાં જન્મેલી
રોયલ-બ્લડ કૂમળી નિર્દોષ કન્યાને
તદ્દન નફ્ફટ, દુઃશીલ
અને બધી રીતે ગયેલી બનાવવા માટે
જે વ્યવસ્થાઓ જોઈએ
તે બધી આપણે લાખોના ખર્ચે ખરીદી લઈએ છીએ
ને

કન્યા તપોવન- ડે સ્કુલ
જે એને સંસ્કાર અને સદ્ગુણોનો
અણમોલ ઉપહાર આપી શકે
એની આપણને કોઈ જરૂર નથી લાગતી,
તો બીજું તો શું થઈ શકે
સિવાય, એની ને આપણી
બધી રીતે બરબાદી.

✺

## ❀ So What ? ❀

હું 9th માં છું.
અમારું ગ્રુપ રિસેસમાં સાથે બેસીને
ફોન પર બધું જ જુએ છે
અમે ૬ છોકરી અને ૫ છોકરા છીએ.
અમારા ક્લાસમાં આવા છ-સાત ગ્રુપ્સ છે.
બધાએ બધા અનુભવો કરી લીધા છે.
શું લાગે છે તમને ?
હું એક બચી ગઈ હોઈશ, એમ ?
શું હું ભગવાન છું ?
રાઈના ભાવ રાતે વીતી ગયા છે.
ઘરે ઘર-દેરાસર છે તો શું થઈ ગયું ?
મમ્મીને ત્રીજો વર્ષીતપ છે તો શું થઈ ગયું ?
પપ્પાને છપ્પનમી ઓળી ચાલે છે તો શું થઈ ગયું ?
મેં ગયા વર્ષે અટ્ઠાઈ કરી હતી તો શું થઈ ગયું ?
ભાઈએ દીક્ષા લીધી છે તો શું થઈ ગયું ?
મારું બધું પતી ગયું છે.
આ ઉંમરે જ મારા ઘણા ભવો થઈ ગયા છે.

સંગ એવો રંગ
મારા માટે તો તપોવન ડે-સ્કુલની
કોઈ વ્યવસ્થા જ નથી.
પછી બીજું શું થાય ?

✺

## ❀ *Meaning-Less* ❀

એક કૂમળી વેલને
સંસ્કારોના પાણી પાવાના હતા
એની બદલે
વિકારોના એસિડ પાયા
હવે રડો કે ચીસો પાડો
એનો કોઈ જ અર્થ નથી.

✺

## ❀ *Convent or Tapovan ???* ❀

| વર્ષ | કોન્વેન્ટ-કલ્ચરનું પ્રમાણ | Cases of crime against Female in cities-India | |
|---|---|---|---|
| ૨૦૦૦ | ઓછું | ૧૬,૭૮૭ | આ ફક્ત નોંધાયેલા કેસો છે |
| ૨૦૧૦ | વધુ | ૨૪,૩૩૫ | વાસ્તવિક સંખ્યા |
| ૨૦૧૫ | ઘણું વધુ | ૪૧,૦૦૧ | આના કરતા |
| ૨૦૧૯ | ખૂબ વધુ | ૪૫,૪૮૫ | અનેક ગણી છે. |

આમ તો મારી દીકરી
મને બહુ વ્હાલી છે
હું સમજું પણ છું કે આ બધી વાત સાવ જ સાચી છે
પણ બધા કોન્વેન્ટના મોહમાં દુઃખી થતા હોય
ત્યાં અમારાથી સુખી કેવી રીતે થવાય ?

વિકૃતિનો પ્રચાર કરતી સ્કુલોમાં લાખોના ડોનેશનો આપી આપી
જે ઘોર પાપો બાંધ્યા છે
તે પાપોને ધોવા માટે
ફક્ત ૧ વર્ષ સુધી દર મહિને ૧૦૦૦ રૂ. આપી
સંસ્કાર રક્ષા માટે
કન્યા-તપોવનનું સર્જન કરી દેવા જેવું છે.

*　　*　　*　　*　　*

આ જ અમદાવાદમાં એવા પુણ્યાત્મા છે
જે રોજ સવાર-સાંજ કૂતરાઓને ૨૦-૨૦ થેલી દૂધ પાય છે.
ને એ માટે રોજના ૨૦૦૦ રૂ વાપરે છે.
શું આપણી દીકરી/સંઘની દીકરીની કિંમત
રસ્તા પરની કૂતરી કરતા ય ઓછી છે ?
કે એને બચાવવા કન્યા તપોવન માટે આપણે ફક્ત ૧ વર્ષ માટે
મહિને ૧૦૦૦ રૂ. ન આપી શકીએ ?

*　　*　　*　　*　　*

મારા ભાઈ ! મારા બહેન !
પ્લીઝ
ન પોસાય તો આ વર્ષે બીજું સુકૃત નહીં કરતા
પણ જો આ કામ ન થયું
તો આપણી દીકરીઓ ખલાસ થઈ જશે
પરિણામે પરિવારો, સમાજ ને ધર્મ પણ ખલાસ થઈ જશે.
આ ઉત્કૃષ્ટ જરૂરિયાતનું ક્ષેત્ર છે.
માટે જ આમાં આપણે દાનનું ફળ પણ ઉત્કૃષ્ટ છે.

*　　*　　*　　*　　*

# ❀ બેટી બચાવો ❀

દર વર્ષે થાય છે
હજારો ગર્ભપાત
છતી શક્તિએ આવકનો ૧% પણ દાન
કન્યા-સંસ્કરણ માટે નહીં આપનારાઓને
આ પાપનો ભાગ મળે છે.
**एतदेव महत्पापं धर्मस्थानेऽप्युदासिता**
આપણી લગભગ પાંચથી સાત હજાર દીકરીઓ
વિધર્મીઓમાં ફસાઈ ચૂકી છે.
છતી શક્તિએ કન્યા તપોવનમાં યોગદાન નહીં
આપનારાઓને માંસાહારથી માંડીને
શાસનની પરંપરાના ઉચ્છેદ સુધીના
બધા જ પાપો લાગે કે નહીં ?
ચાલો
અમદાવાદ દ્વારા એક આદર્શ
ઊભો કરીએ.
ને ભારતભરના શહેરોને આલંબન આપીએ.
હવે તાકાત છે કોઈની
કે આપણી દીકરીને ફસાવી શકે ?
ને એની જિંદગી બરબાદ કરી શકે ?

## *Save Your Daughter*
## *By*
## *Daughters' Day*
## *Tapovan*

# ❀ મિશન : મહાજીવદયા ❀

દર વર્ષે આપણા પરિવારોમાં હજારોની સંખ્યામાં ગર્ભપાતો
થઈ રહ્યા છે.
કીડી અને મચ્છર મારવામાં પણ પાપ સમજતા આપણે
ગર્ભજ પંચેન્દ્રિય મનુષ્ય ને એ ય સગું સંતાન
પરમ પુણ્યોદયે મહાકુળમાં અવતરનાર...
એની કરપીણ હત્યા કરી દઈએ છીએ
જેના મૂળમાં હોય છે
વ્યભિચારો
લફરાઓ
તદ્દન વિચિત્ર જીવનપદ્ધતિઓ
અને મોજ-શોખની ક્રૂર લાલસાઓ.
કોને સમજાવવા જવું ? કોણ સમજશે ?
શાસ્ત્રીય દૃષ્ટિએ અવિકસિત એકેન્દ્રિયાદિ જીવોની હિંસા કરતા
વિકસિત ચૈતન્યવાળા પંચેન્દ્રિય જીવની હત્યાનું પાપ અનેકગણું હોય છે.
તેમાં ય મનુષ્યની હત્યાનું પાપ અનેકાનેકગણું હોય છે.
તેમાં ય આવા તદ્દન નિર્દોષ બાળની હત્યાનું પાપ
ઓર અનેકગણું હોય છે.
તેમાં ય મોક્ષયાત્રાની સામગ્રીથી સંપન્ન એવા કુળમાં જન્મ પામનાર
એવા બાળ (ભ્રૂણ) ની હત્યાનું પાપ અનેક અનેકગણું હોય છે.
શાખા-ચન્દ્ર ન્યાયે સ્થૂળદૃષ્ટિએ કહીએ તો
અબજો કીડીની હિંસા કરતા પણ આ પાપ વધારે છે.
કરોડો પશુઓની હિંસા કરતા પણ આ પાપ વધારે છે.
લાખો માનવોની હિંસા કરતા પણ આ પાપ વધારે છે.
બીજા શબ્દોમાં કહીએ તો
જ્યારે તમે આવી એક ભ્રૂણહત્યા અટકાવો છો.

ત્યારે તમે લાખો માનવોની હત્યા અટકાવો છો.
ત્યારે તમે એક સાથે કરોડો પશુઓને જીવતદાન આપો છો.
જ્યારે તમે આવી હજારો ભ્રૂણહત્યાને અટકાવો છો,
ત્યારે તમે હજારો કરોડો પશુઓને જીવતદાન આપો છો.
લાખ રૂપિયાનો પ્રશ્ન એ છે કે આ ભ્રૂણહત્યા અટકાવવી શી રીતે ?
તેનો સીધો જવાબ છે કન્યા સંસ્કરણથી.
એ પણ શી રીતે કરવું ?
એનો જવાબ છે વર્લ્ડ ક્લાસ કન્યા વિદ્યાલયોથી
એ પણ શી રીતે બનાવવા ?
એના માટે જોઈતા કરોડો રૂપિયા ક્યાંથી લાવવા ?
શ્રીમંતોને આમાં રસ ન હોય તો એમના વિના કામ શી રીતે થાય ?
*Well*
આનો પણ જવાબ છે.
મધ્યમવર્ગીય લોકો સાથે મળીને આ કામને પાર પાડી દે.
દા.ત. એક શહેર લઈએ અમદાવાદ
એમાં આપણા પરિવારો છે ૩૨,૦૦૦
દરેક પરિવાર મહિનાના ૧૦૦૦ રૂ. આ મહાજીવદયા માટે આપે
આ રીતે ફક્ત એક જ વર્ષમાં ૩૮ કરોડ ૪૦ લાખ
રૂપિયા ભેગા થઈ શકે છે.
અને અમદાવાદની હજારો કન્યાના સંસ્કરણની કાયમી
વ્યવસ્થા થઈ શકે છે
એ પણ *7 Star : World Class*
બની શકે કે અમુક પરિવારોની ૧૦૦૦ આપવાની પણ શક્તિ ન હોય,
પણ એની સામે અમુક પરિવારો ૧૫૦૦/૨૦૦૦ આપનારા ય મળશે ને ?
આ રીતે અમુક સામે અમુકનું સેટિંગ થઈ જશે.
ન પોસાતું હોય.. મોંઘું પડતું હોય તો
ફક્ત ૧ વર્ષ બિનજરૂરી સાંસારિક ખર્ચા મુલતવી રાખો,

ફક્ત ૧ વર્ષ

ધાર્મિક સદ્વ્યયમાં પણ મહાજીવદયાને પ્રાયોરિટી આપો

એટલે આ કાર્ય થવાનું જ છે.

મહાજીવદયાની સાથે સાથે પરિવારરક્ષા - ધર્મરક્ષા - સંસ્કારરક્ષા

હજારો પેઢીઓથી ચાલી આવેલા

જિનશાસનના વારસાની રક્ષા

આ બધું જ આ કાર્ય સાથે સાકાર થઈ જવાનું છે.

કરુણામૂર્તિ યુગપ્રધાન આચાર્યસમ

**પૂજ્યપાદ પં.શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા.**ના

જાણે ખોળામાં જ ઉછરેલા **TYAG** ના યુવાનો

(Tapovan Yuva Alumini Group)

અમદાવાદમાં આ જ કાર્યને સાકાર કરવા માટે ઝઝુમી રહ્યા છે

આપશ્રીને ભાવભરી અને ભરભરી વિનંતિ છે

આપશ્રી **મિશન : મહાજીવદયા**ના મેમ્બર બની

ફક્ત ૧ વર્ષ માટે આપના પરિવાર (ઘર) તરફથી દર મહિને

ફક્ત ૧૦૦૦ રૂ.નું યોગદાન આપો.

મહાકુળમાં અવતરનાર એક ભ્રૂણની રક્ષા =

લાખો અબોલ જીવોને જીવતદાન.

હજારો ભ્રૂણની રક્ષા = અબજો અબોલ જીવોને જીવતદાન

મહિને ફક્ત ૧૦૦૦ રૂ. માં આ અણમોલ લાભ છે.

તમે માનો કે ન માનો,

ભવિષ્યમાં તમરા ઘરને ભયંકર હોનારતોથી

બચાવી લેવા માટે પણ

આ યોગદાન આપવું ખૂબ જ જરૂરી છે.

આપને આ ભવમાં ય આનું અઢળક વળતર મળીને રહેશે.

તપોવની યુવાનોએ આ માટે ૫ કરોડ રૂ.ની લોન લઈ લીધેલ છે.

પાલડી-વાસણામાં પ્લોટ જોવાના ચાલુ છે.
વિદ્યાલય-પ્લાન આખો રેડી છે.
નિર્માણ અને વ્યવસ્થા માટે ભોગ આપનાર ટીમ રેડી છે.
બસ, આપનો આટલો સહકાર
અને મહાજીવદયા સાકાર.

**TYAG - Bank Name : Tapovan Youth alumni Group Trust**

**Bank Account No. : 10071522929**

**Bank Name : IDFC Frist Bank Ltd. Branch : Naroda**

**IFSC Code : IDFB0040314**

દર મહિનાની પહેલી તારીખે આપ આ ખાતામાં
આપનું યોગદાન આપી શકશો.

- અતિશ્રીમંત એક વ્યક્તિએ આ સુકૃતનો સંપૂર્ણ લાભ લઈ લેવો જોઈએ
- એ ન લે તો ૨૫/૫૦ શ્રીમંતોએ આ લાભ લઈ લેવાય પણ એ પેલા અતિશ્રીમંત માટે નામોશીની વાત કહેવાય.
- એ પણ ન થાય તો આ રીતે હજારો મધ્યમ વર્ગીયો લાભ લઈ લે, પણ એ શ્રીમંતો માટે નામોશીની વાત કહેવાય.
- આ રીતે આપણે સહુ પણ લાભ ન લઈએ એ આપણા સહુ માટે નામોશીની વાત કહેવાય. આ બધી નામોશી એવી છે જેની સાથે અંગત જીવનના નુકશાનો જોડાયેલા છે.

લિ.
**TYAG**
**Tapovan Yuva Aluminy Group**
ભૂતપૂર્વ તપોવનીઓનું યુવા સંગઠન

Trustee (1) હિંમાશુ શાહ (M) 9824006266
(2) પ્રતિક વાલાણી (M) 8401939262

✺

## कोन्वेन्ट का अर्थ क्या है ?

सबसे पहले यह जानना आवश्यक है किये शब्द कहाँ से आया है...!!

ब्रिटेन में एक कानून था ''लिव इन रिलेशनशिप'' बिना किसी वैवाहिक संबंध के एक लड़का और एक लड़की का साथ में रहना । जब साथ में रहते थे तो शारीरिक संबंध भी बन जाते थे तो इस प्रक्रिया के अनुसार संतान भी पैदा हो जाती थी तो उन संतानो को किसी चर्च में छोड़ दिया जाता था...!!

अब ब्रिटेन की सरकार के सामने यह गम्भीर समस्या हुई कि इन बच्चो का क्या किया जाये, तब वहाँ की सरकार ने कोन्वेन्ट खोले, अर्थात् जो बच्चे अनाथ होने के साथ साथ नाजायज है उनके लिए कोन्वेन्ट बने...!!

उस अनाथ और नाजायज बच्चों को रिश्तो का एहसास कराने के लिए अनाथालयों में एक फादर एक मदर एक सिस्टर होती है क्योंकि ना तो उन बच्चों का कोई जायज बाप है न माँ है न बहन है...!!

वास्तव में कोन्वेन्ट बनाने के पीछे का उद्देश्य नाजायज बच्चों को पालना!!

अब नकलची भारतीयों को देखिए जिनके जायज माँ-बाप, भाई-बहन सब है उनके बच्चे भी कोन्वेन्ट में जाते है...!!

एक पिता घर पर है और दूसरा कोन्वेन्ट में जिसे फादर कहते हैं...!!

आज के समाज में देखा जाए तो कोन्वेन्ट स्कूलों की भरमार हो गई है जैसे बजरंग बली कोन्वेन्ट स्कूल, माँ भगवती कोन्वेन्ट स्कूल...!!

अब इनको कौन समझाये कि माँ भगवती या बजरंगबली का कोन्वेन्ट से क्या लेना देना ???

*It's your shame,*

*If your child studies in a convent school*


યા એને એમાંથી ઉઠાવી લો,

યા સપરિવાર બધી રીતે ઉઠી જવા તૈયાર થઈ જાઓ.

કારણ કે કોન્વેન્ટનું મોટા ભાગનું રિઝલ્ટ આ જ આપી રહ્યું છે.

✺

# ABOUT TYAG




# CORE STRENGTH

- Highly Educated youth from diverse field.
- Global network of dedicated activist.
- Consortium of highly spiritual and patriotic youth who are devoted to Guruma's Vision.
- Planned, Managed, executed and Supported 500+ events and causes since inception.

# GUIDING FORCE

- RASHTRA RAKSHA
- SANSKRUTI RAKSHA
- DHARMA RAKSHA
- DARSHAN
- GYAN
- CHARITRA
- TAP
- BHAKTI
- MAITRI
- SHUDDHI
- SHAURYA



*Reg. No. E/22930/Ahmedabad*

**PLZ SHARE THIS BOOK**
with Your **Friends** & **Family**
after you have read it.

GRAPHICULTURE
70487 55580